# કર તું કસર

કરકસર એ જીવનનું આભૂષણ, જીવન શણગારે,
જે મૂલ્ય સમજે, એનું જીવન ઉદ્ધારે!
કરકસર એ જીવનની કળા, સમૃદ્ધિ અપાવે,
સાચી રીતે જીવન જીવવાનો, પાઠ ભણાવે!
કરકસર, મહેનતનું મૂલ્ય સમજાવે,
આવતીકાલની ચિંતા માટે, બચતનો માર્ગ બતાવે!
કરકસર કંજૂસાઈ છે, લોકો સમજે,
સુખ, શાંતિ, સંતોષનું મિલન છે, સાચા અર્થે!
કરકસર ગરીબાઈ નહીં, સમજદારી છે,
ઓછામાં સુખ શોધનાર, હોંશિયારી છે!
**'કર તું કસર', એ જ કરકસરનો સાર છે,**
**જીવનને સંગીતમય બનાવનાર, સૂરમયી**
**વાજિંત્રનો તાર છે!**
**- ડૉ. રાજલ ચલિયાવાળા ( ફ્રાન્સ)**




# 'કરકસર'

'કરકસર' પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

## 'આધારસ્તંભ' પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે 'સન્નારી'માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. આ વખતનો વિષય છે. **'આધારસ્તંભ'**. તમારી મૌલિક કૃતિ અમને 13-06-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.
Email:sannari@gujaratmitra.in - **સંપાદક**

# હું કરીશ કરકસર

જોઈએ તો નિત્ય બે ટંકની રોટી ભાણામાં,
જોઇએ તો નિત્ય બે વસ્ત્રોની જોડ દેહ પર,
કરી શકે તું મદદ ભૂખ્યાને અન્ન, નિર્વસ્ત્રને વસ્ત્ર.
તોય માનવ કરે તું બગાડ દુનિયાભરનો
બાંધી દે ગાંઠ મનમાં હું કરીશ કરકસર
દેશની આર્થિક પ્રગતિમાં હું બનીશ મદદગાર.
જવું હોય બે-ચાર માઈલ કામ પર,
કરી શકે વપરાશ તું સાર્વજનિક વાહનનો,
કરી શકે વપરાશ તું અગિયાર નંબરના પગનો.
તોય માનવ કરે તું બગાડ દુનિયાભરનો.
બાંધી દે ગાંઠ મનમાં, હું કરીશ કરકસર
દેશની આર્થિક પ્રગતિમાં હું બનીશ મદદગાર.
દુનિયાભરમાં બેહાલ છે, ભારતમાં લહેર છે
ત્રેવડથી કરેલા વિકાસનું જ પરિણામ છે.
**- સંગુ કમલ શાહ**

# લઘુકાવ્ય

પેટ્રોલ પંપોમાં પેટ્રોલ ઊડી
ગયું યુદ્ધના મેદાનમાં,
કર તું કરકસર
હવે-
તું ઉપયોગ કર,
ઈલેક્ટ્રિક વિહિકલ સ્કુટીનો.
**
દરેક પ્રકારની ઊર્જાનો ઉપયોગ
કરકસરથી કર
ભાવિ પેઢીના ભવિષ્ય માટે!
*
દરેક છત પર
સોલાર એનર્જી સિસ્ટમ
ઘરમાં સોલાર પેનલ
લાગ્યા પછી...
ઉનાળામાં ફૂલ ફૂલ...
હવે વીજળી મફત
કરકસર સમાપ્ત
અને વપરાશ
તદ્દન મફત!
કિશોર આર. ટંડેલ, નવસારી
કરકસર ......
જિંદગી આખી કરકસર કરીને
જીવ્યો એ જીવો,
મરણપથારીએ પડેલા
ઓક્સિજન માસ્ક પહેરેલા જીવાના
શ્વાસ ખૂટી રહ્યા હતા.
ડૉક્ટર બોલ્યા :
"છેલ્લા શ્વાસ ચાલે છે.. "
મોતના દ્વારે ઊભેલો એ જીવો બોલ્યો :
"શ્વાસ પણ મારે હવે ગણી ગણીને
લેવા પડે છે છેલ્લે છેલ્લે..!"
લ્યો કરો વાત,
શ્વાસની પણ હવે
થઈ રહી હતી
કરકસર!
**- દીપક જગતાપ**

# કરી લઈએ...

સૌને વિચારમાં સહમત કરી લઈએ,
પછી થોડી-ઘણી બચત કરી લઇએ.
કરકસરની બાબતમાં પણ સૌને,
આજ તો જરા નસીહત કરી લઇએ.
કંજૂસના પાત્રમાં ઢળી જઇએ,
એના જેવું વર્તન ઉધ્ધત કરી લઈએ.
સોની નોટ બરાબર નિહાળ્યા પછી
ખિસ્સામાં ફરી પરત કરી લઇએ.
ફુગાવો-બેકારી-મોંઘવારીની સામે
ગાંધીજી જેવી લડત કરી લઇએ.
**ઇમરાનખાન ચાંદ (મુ. પો. કઠોર)**

# કાકાનું કંકાસભર્યું જીવન

ઘરે આવ્યા મહેમાનને કાકા અડધી ચા પીવડાવે,
બિસ્કિટ ચાર ગણે પછી બે જ થાળીમાં લાવે,
ડોક્ટરે કાકાને કહ્યું, ''ઓછું ખાવો રે ભાઈ!"
પણ પાછળ રસોડામાં પાંચ સમોસા ખાઈ!
''અરે કાકા, આ કરકસર છે કે કોઈ કસોટી?"
સાબુનો ટુકડો નાનો થાય તો કાકા દોરાથી બાંધે,
ટૂથપેસ્ટ ખૂટે ત્યારે વેલણથી ઘસી એને કાઢે,
ચપ્પલ જો ફાટે, કાકા કહે "હજુ છે નવી જેવી!"
પગ બહાર નીકળે, છતાં બચત લાગે વહાલી!
"સસ્તું સસ્તું કરતાં કરતાં, કાકા ગયા ઘસાઈ!"
કાકા રેસ્ટોરન્ટમાં મિત્રોને પાણીથી પેટ ભરાવે,
બિલ આવે એટલે અચાનક ફોન પર લાગી જાય,
કાકા કહે, "મિત્રતા દિલથી હોવી જોઈએ સાહેબ!"
પણ ટીપ આપતી વેળા જ કાકાના હાથ ધ્રૂજે કેમ?
"પૈસા બચાવતાં બચાવતાં, સંબંધો ગયા ખસી!
બાળકે કહ્યું, "પપ્પા, વીડિયો ગેમ તો લાવજો,"
કાકા કહે, "કલ્પનામાં રમીને આનંદ માણજો!"
કાકા રાત્રે ડિસ્કાઉન્ટની વેબસાઈટો ખંખેરે,
એક રૂપિયો બચાવવા ત્રણ કલાક ઊંઘ ખોવે!
કરકસરની કાર કાકા ધક્કા મારી ચલાવે!
ફ્રિજ તૂટેલું, પંખો કરે હેલિકોપ્ટર જેવો અવાજ,
કાકા કહે, "અમારા જમાનામાં આવું જ હતું રાજ!"
નવું લેવા કહો તો ભાષણ આપે કાકા બહુ લાંબું,
"આ બધાં વગર પણ ચાલતું હતું કામ અમારું!"
સસ્તું પડે તો કાકા આત્મા પણ વેચી દે!
શર્ટ પર દસ થીંગડાં, છતાં કહે ''ફેશન છે ભાઈ!"
મોજાંમાં કાણાં હોય તો કહે "હવા આવે સહેલાઈ!"
લાઇટ બંધ કરવા ઘરમાં કાકા પેટ્રોલિંગ કરે રાતે,
ટીવી રાતભર ચાલે ને કાકા ઊંઘે સોફા પર જાતે!
એક પૈસા માટે કાકા આત્મા સાથે સોદો કરે!
થાકી અંતે પત્ની બોલી, "બસ કરો હવે મહારાજ!
બચત સારી, પણ આ તો જીવનને સજા કરો આજ!"
કરકસર એવી કરો કે હાસ્ય પણ બચી રહે,
નહીં તો લોકો કાકાને જોઈ રસ્તો બદલી દે!
ફીમાં મળે તો કાકા શ્વાસ પણ ડબલ લઈ લે!
**-ડૉ. અરવિંદ લાપસીવાળા (કેલિફોર્નિયા, અમેરિકા)**






# કસર (અછાંદસ)

હું તો ભાઈ, પહેલેથી જ કસરી.
શીર્ષકમાં પણ અહીં 'કર' લખ્યો નથી!
રોકડા બે અક્ષરો બચાવી લીધા!
'કર'ની બચત ક્યાંક બીજે કામ લાગશે.
***
આવા તો કૈં કૈં આઈડિયા મારી પાસે છે.
મારું તો સહદેવ જોશી જેવું છે.
કોઈ પૂછે તો જ કહેવાય!
જો કે ચોમેર શબ્દોની જ ઝાકમઝોળ છે.
...છાકમછોળ છે.
કસરના મારા 'સ્ટાર્ટ-અપ'મા કોને રસ હોય?!
એક ઓછી જાણીતી કહેવત છેઃ વોરાની સફર ને
બીબીની કસર!
વોરાજી દેશદેશાવર રઝળીને જેટલું કમાઈ લાવે
તેટલું-
તો બીબી 'વર્ક ફ્રોમ હોમ' દ્વારા કમાઈ લે છે-
કસર વડે
***
» ચાલો,એક બાજુએ કોરા કાગળ પર લખીએ.
» હાથ ખેંચીને રાખીએ જેથી હાથ ભીડમાં ન રહે!
» પાડોશીની સાથે ચડસાચડસી ન કરીએ.
**- બકુલેશ દેસાઈ**

# ત્રેવડ ત્રીજો ભાઈ

હાથ-પગ સાબૂત ને
કપાળે આ કરચલીઓ એમ જ પડી કે?
મહેનતને મા ગણી આ મિલકતને લણી છે!
જિંદગીની હર એક ઘડી ઘડીને ગણી છે
ત્યારે આ મજબૂત ચાદરને વણી છે!
થાકી, હારી, જીતીને સંબંધોની ઇમારતને ચણી છે!
કરકસરનો કાઢો વડવાઓએ પાયો
ને જાણે ત્રેવડ ત્રીજો ભાઈ અમારો!
મૂળ મંત્ર એવો ફૂંક્યો જાણે લોહીમાં સમાયો!
હવે સમાધાન કરતો રહેતો જુવાન
સતત થાકતો ને હારતો જુવાન.
સમજણ કેરા અભાવથી પીડાતો જુવાન!
**- રીટા સંજય વશી (સુરત)**

# કરકસર

પરસ્પર નભતી સંસ્કૃતિ,
કુદરતી જીવનની પરિમિતિ.
ઊર્જાની અનેક આવૃત્તિ,
ઊર્જાસ્ત્રોતની માત્રા હવે છે સીમિત.
બિનજરૂરી વપરાશમાં જાગૃતિ,
કરકસરભર્યો વપરાશ જ સમૃદ્ધિ.
ધરતી માતાનું રાખીએ જતન,
સંસાધનોથી સરળ થઈ છે જિંદગી.
આજ બચાવેલ દરેક સંસાધન,
આવતી પેઢીનું સુખદ ભવિષ્યનિર્માણ.
સાદગીમાં સંતોષની વૃદ્ધિ,
કરકસરથી જ ટકે છે સમૃદ્ધિ.
લોભ છોડો, સંયમ અપનાવો,
પ્રકૃતિ સાથે સંતુલન સાધો.
કરકસર માત્ર બચત નથી,
જીવન જીવવાની એક છે પદ્ધતિ.
**- સીમા પરીખ (સુરત )**

# તું છે...

તું છે ઘરઘરની કહાણી
તું છે ઘર-બજેટનાં
બાંધછોડની નાણાંમંત્રી
તું છે અમીરોની અળખામણી
પણ
તું છે સામાન્ય લોકોમાં પ્રિય સમાણી
તું છે કસરની આજીવન કમાણી
**- દીપક બી. દલાલ (સુરત)**

# નવોદિતોને

લખ કવિતા, કર કરકસર
લખીને અનેક વખત વાંચ
વધારાના ફિલર
શબ્દોને તું કાઢ.
સલાહ લે માર્ગદર્શકની
રદ કર કે સુધાર કવિતા .
લાઘવને તું માધવ સમજ!
શબ્દોની કરકસર એ જ 'કવિતા'નો પ્રાણ
બનશે!
અર્થઘન શબ્દોના પ્રયોગથી
કવિતાની ઊંચાઈ તું પ્રાપ્ત કર!
'કલમ સંયમ' અને શબ્દોની 'કરકસર' એ જ
કવિતાની ઊંચાઈ બનવી જોઈએ!
આ મને પણ લાગુ પડે છે.
આટલું શાનમાં સમજ ને 'કરકસર' કરી કવિ
તું લખ કવિતા !
- **રમેશ પટેલ (સુરત)**